અરજદાર વિજય વિનુભાઇ ચૌહાણ નાઓની બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ ૪૯૭/૫૦૩ મુજબ બેન્કમાં ફ્રીઝ થયેલી રકમ મુક્ત કરવા માટેની અરજી તળે હુકમ....

---

**(૧)** હાલના અરજદાર દ્વારા બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ ૪૯૭/૫૦૩ મુજબ બેન્કમાં ફ્રીઝ કરાયેલી રકમ રૂા.૩૮,૩૭૮/- (અંકે રૂપીયા આડત્રીસ હજાર ત્રણસો અઠ્યોતેર પુરા) મુક્ત કરવા / રીફંડ કરવા અને પરત સોંપવા યોગ્ય હુકમ કરવા કરાયેલી છે. અરજદારની અરજીની હકીકત એવી છે કે,

‘૧. અમો અરજદાર ઉપરોકત સરનામે રહીએ છીએ. અને અદાણી રીયલ્ટી અમદાવાદ મુકામે નોકરી કરી અમારા પરીવારનુ ગુજરાન ચલાવીએ છીએ. અમો અરજદાર ઓનલાઈન માર્કેટીંગ તેમજ સોશ્યલ : મીડીયા એડવાઝમેન્ટનુ કામ કરતા હોય જેથી અમોને યુ.એસ.ડી.ટી.ની જરૂરીયાત રહે છે જેથી ગઈ તા. ૩૦/૦૧/૨૦૨૬ ના રોજ ટેલીગ્રામ માફરતે એક અજાણી વ્યકિત દ્વારા યુ.એસ.ડી.ટી.ના વેચાણ અંગે અમોને વાત કરેલી જેમાં તે વ્યકિતએ બજાર ભાવ કરતા એક-બે રૂપીયા ઓછા ભાવે અમોને યુ.એસ.ડી.ટી.નુ કહેતા અમો બન્ને તે વ્યકિતના વોટસઅપ નં.+971528688710 મારફતે સંપર્કમાં આવેલા.તે વ્યકિતએ પોતાનુ નામ બરોડ કૃપાલ કિશોરભાઈ જણાવેલ અને પોતાનુ મુળ વતન અમરેલી જણાવેલ.

૨. ત્યાર બાદ અમો અરજદાર ઓનલાઈન એડર્વટાઈઝમેન્ટનુ કામ કરતા હોય જેથી યુ.એસ.ડી.ટી.ની જરૂરીયાત રહેતા અમોએ આ વ્યકિત પાસે યુ.એસ.ડી.ટી. ખરીદવા જણાવેલ અને આ વ્યકિતએ પ્રથમ રૂા.૨,૦૦,૦૦૦/– ની યુ.એસ.ડી.ટી. ખરીદવા અમોને જણાવેલ પરંતુ અમોએ ના કહેતા આ વ્યકિતએ અમોને રૂા.૫૦,૦૦૦/- થી શરૂઆત કરવાનુ કહેલ.

૩. જેથી અમો અરજદારે આ વ્યકિત પાસેથી રૂા.૫૫,૦૦૦/- માં ૧૪૦ યુ.એસ.ડી.ટી. ખરીદવાનુ નકકી કરેલ. અને તેના માટે તા.૦૪/૦૨/૨૦૨૬ ના રોજ યુ.પી.આઈ. મારફતે આ વ્યકિતના કહેવા મુજબ રૂા.૫૫,૦૦૦/- ટ્રાન્સફર કરેલા. અને ત્યારબાદ આ વ્યકિતએ બે કલાક બાદ યુ.એસ.ડી.ટી. મારા બાઈનાન્સ ખાતામાં ટ્રાન્સફર કરવાનુ કહેલ. ત્યારબાદ યુ.એસ.ડી.ટી. ટ્રાન્સફર ન થતા અમોએ આ વ્યકિતને વોટસઅપ કોલ કરતા ટ્રાન્ઝેકશન વધી ગયાનુ જણાવી બીજે દિવસે સવારે ટ્રાન્સફર કરી આપીશુ તેવુ જણાવેલ.

૪. ત્યારબાદ બીજા દિવસે સવારથી અમો અરજદારે ત્રીસ જેટલા વોટસઅપ કોલ કરેલા પરંતુ આ વ્યકિતએ ફોન ઉપાડેલ નહી કે અમોને યુ.એસ.ડી.ટી. ટ્રાન્સફર કરી આપેલ નહી જેથી અમોએ આ વ્યકિતનો સંર્પક કરવાનો પ્રયત્ન કરેલ પરંતુ આ વ્યકિત સાથે સંર્પક નહી થતા મને શંકા ગયેલ અને મારી સાથે ફ્રોડ થયાનુ જણાઈ આવતા મે સાયબર કમ્પલેન નં.૧૯૩૦ માં તા.૧૧/૦૨/૨૦૨૬ ના રોજ ફોન કરેલ અને મારી ફરીયાદ નોંધાવેલ. અને અમોને ત્યાંથી અમારી ફરીયાદ સાયબર ક્રાઈમ પો.સ્ટે.ટીકીટ

નં.૩૧૧૦૨૨૬૦૦૩૨૪૩૩/૨૦૨૬ થી નોધાવેલ અને અમોને ત્યાંથી એવુ જણાવેલ કે તમારા નજીકના સાયબર પોલીસ- સ્ટેશને તમોને ફોન કરી બોલાવવામાં આવશે.

પ. ત્યારબાદ અમોને તા.૨૩/૦૨/૨૦૨૬ ના રોજ સાયબર પો.સ્ટે. પોરબંદર માંથી ફોન કરી સાયબર પો.સ્ટે. આવવાનુ જણાવેલ ત્યા અમારુ નિવેદન લીધેલ અને ત્યાં હાજર પોલીસ અધિકારી દ્વારા અમારી સાથે થયેલ સાયબર ફોડની રકમમાંથી રીકવર થયેલ રકમ પરત મેળવવા અરજી કરવાની સલાહ સુચના આપેલ જેથી અમોએ હાલની આ અરજી આપ નામ. કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

૬. અમો અરજદાર સાથે થયેલ સાયબર ફોડના બનાવમાં અમોએ અમારા એસ.બી.આઈ.બેન્ક, પોરબંદર બ્રાન્ચના ખાતા નંબર- ૩૮૨૬૯૦૧૨૦૪૪ ખાતામાંથી રકમ ટ્રાન્સફર કરેલ છે. જે રકમ અમોએ અમારા સગા બહેન હિના વીનુભાઈ ચૌહાણ તથા અમારા સબંધી પ્રદિપભાઈ કાનગડ પાસેથી યુ.પી.આઈ. મારફતે અમારા ! ખાતામાં ટ્રાન્સફર કરાવેલ હતી. જે રકમ રૂ.૫૫,૦૦૦/– અમોએ આ સાયબર ફ્રોડમાં ગુમાવેલ છે.

૭. જે અન્વયે અરજદારના બેન્ક ખાતાની વિગત જાહેર કરીએ છીએ.

(૧) ખાતા ધારકનુ નામ :– વિજય વિનુભાઈ ચૌહાણ

(૨) બેન્કનું નામ : STATE BANK OF INDIA

(૩) ખાતા નંબર : ૩૮૨૬૯૦૧૨૦૪૪

(૪) આઈ.એફ.સી.કોડ :- SBIN0060407

(૫) બ્રાન્ચ : પોરબંદર

(૬) ફરીયાદ કર્યા તારીખ : ૧૧/૦૨/૨૦૨૬

(૭) સાયબ ફ્રોડનો બનાવ બન્યા તારીખ : ૦૪/૦૨/૨૦૨૬

૮. સામાવાળાના ખાતાની વિગત :-

| ખાતા ધારકનુ નામ | ખાતા નંબર | બેન્કનુ નામ | રકમ |
|---|---|---|---|
| NARAN POLABHAI ZAPADA | 01011200024457 | HDFC BANK | 12,320/- |
| BARAD KRUNAL KISHORBHAI | 50100768427590 | HDFC BANK | 10,000/- |
| TAILOR SONALBEN DINESHBHAI | 9045523185 | KOTAK MAHINDRA BANK | 1,379/- |
| SARBITKAUR | 3417000404082944 | PUNJAB NATIONAL BANK | 1,379/- |
| KALPESH LAKHANBHAI MEVADA | 00000031460131370 | STATE BANK OF INDIA | 13,300/- |

૯. સદરહું ફ્રોડ થયેલ રકમ અમારી માલીકીની હોય અને જો લાંબો સમય સુધી મને ન મળે તો અમોને આર્થીક નુકશાન જાય તેવા સંજોગો હોય સદરહું રકમ અમો અમારા ઘરના કામકાજ માટે તથા અંગત કામકાજ માટે રાખેલ હતી. તેમજ હાલ સદરહું ફ્રોડ થયેલ રકમ પોલીસ દ્વારા સામાવાળાના ખાતામાં કબજે કરીને અમારા ખાતામાં

ચુકવી આપવા જમા કરી આપવા અરજ છે. તેમજ તપાસના કામે કોઈ જરૂર પડે અમો અમારી રકમ પરત સોંપી આપવા તૈયાર અને ખુશી છીએ તેમજ આપ નામ. કોર્ટ દ્વારા જે તે શરતો ફરમાવે તે શરતોનું પાલન કરવા તૈયાર છીએ.

૧૦. સદરહું થયેલ ફ્રોડ થયેલ રકમ પોલીસ તપાસ દરમ્યાન કે કેસ ચાલતા દરમ્યાન કે તે સિવાય જે કાંઈ પણ નામ. કોર્ટ શરતો તે તમામ શરતોનું અમો સંપુર્ણપણે પાલન કરીશુ તેની આથી બાહેંધરી આપીએ છીએ.

૧૧. તે ઉપરોકત હકિકતોના કારણે હાલની અરજી કરવાનુ કારણ ઉત્પન્ન થયેલ છે. જેથી હાલની અરજી લાવી દાદ માગવાની કે,

(૧) સાયબર ક્રાઈમ પો.સ્ટે.ટીકીટ નં.૩૧૧૦૨૨૬૦૦૩૨૪૩૩/ ૨૦૨૬ ના કામે અમારી ફ્રોડ થયેલ કુલ રકમ રૂ.૩૮,૩૭૮/- અમો અરજદારને પરત સોંપી આપવાનો હુકમ કરવા નમ્ર અરજ છે.'

**(૨)** અરજદાર દ્વારા તેમની અરજીના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલા છે.

૧. સાયબર કમ્પ્લેઇનની ડીટેઈલ

૨. અરજદારના આધારકાર્ડની નકલ

૩. અરજદારના પાનકાર્ડની નકલ

૪. સાયબર પોલીસ સ્ટેશનમાં આપેલ અરજદારના નિવેદનની નકલ

પ.  અરજદારના બેન્ક ખાતાના સ્ટેટમેન્ટની નકલ

**(3)** અરજદારે હાલની અરજી કરતાં સાબચર ક્રાઇમ પોલીસ સ્ટેશન તરફથી અરજદારની અરજી સબંધે અભિપ્રાય મંગાવવામાં આવતા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ શ્રીએ તેમનો અભિપ્રાય આંક.૦૫ થી રજુ કરેલ છે જેમાં નીચે મુજબની હકીકતો જણાવેલ છે.

'સાયબર ક્રાઈમનો ભોગ બનનારના નાણા જ્યારે ઓનલાઈન ટ્રાન્સફર થઈ જતા હોય છે, ત્યારે આવા નાણાને તાત્કાલિક રોકવા તથા ગુના અટકાવવા માટે ગુજરાત સરકાર દ્ધારા સાયબર NCCRP PORTAL સામાન્ય નાગરીકો માટે શરૂ કરવામાં આવેલ છે. જે હાલ સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ, સી.આઈ.ડી. ક્રાઈમ હસ્તક ચાલુ છે. અને અમો પોલીસ કોન્સ્ટેબલ તરીકે આ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન પોરબંદર ખાતે ફરજ બજાવીએ છીએ. આ પ્રોજેકટ અંતર્ગત સાયબર ક્રાઇમ ઈન્સિડન્ટ રીસ્પોન્સ યુનિટ (IRU) માં સાયબર ક્રાઈમનો ભોગ બનનારના નાણા જ્યારે ઓનલાઈન ટ્રાન્સફર થઈ જતા હોય છે, તેને તાત્કાલિક રોકવાની કામગીરી કરવામાં આવે છે. સાયબર ક્રાઈમના ભોગ બનનાર નાગરીકો સીધી જ પોતાની ફરિયાદ ૧૦૦ નંબર (હાલ-1930) નંબર ડાયલ કરીને લખાવે છે. ત્યારે ઈન્સિડન્ટ રીસ્પોન્સ યુનિટ (IRU) દ્ધારા એક ટિકિટ નંબર આપવામાં આવે છે. તેમજ સાથો સાથ જે શંકાસ્પદ બેંક ખાતામાં જેતે નાગરિકના નાણા ગયેલા હોય, તે બેંકને નાણા ફ્રીઝ કરાવવા તેમજ જો નાણા ત્યાંથી ટ્રાન્સફર થઈ ગયેલ હોય તો તેની માહિતી આપવા માટે અત્રેથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ 94 તથા 106

હેઠળ નોટીસ આપવામાં આવે છે. નોટીસના આધારે બેંકો આ શંકાસ્પદ રીતે મેળવાયેલા નાણા ફ્રીઝ કરવામાં આવે છે.

હાલના અરજદાર વિજય વિનુભાઇ ચૌહાણ, ઉવ.૩૭, ધંધો-નોકરી, અમદાવાદ, રહે-રોકડીયા હનુમાન યુગબજાજ શો-રૂમ પાસે, રામપાર્ક, તા.જી.પોરબંદર. મો. ૯૮૨૪૬૭૨૫૮૦ નાઓની સાથે ગઇ તા.11/02/2026 સાયબર ફ્રોડનો બનાવ બનેલ. જેમાં તેઓના (૧) State Bank of India ખાતા નંબર- 38269012044 માંથી રૂ. 55,000.00 /- ઉપડી ગયેલ હતા જે બાબતે તેઓએ ૧૯૩૦ નંબર ઉપર કોલ કરીને તા ૧૧/૦૨/૨૦૨૬ ના રોજ 31102260032433 નંબર થી પોતાની ફરીયાદ નોંધાવેલ હતી.આ અરજદારની ફરીયાદ આધારે સાયબર ક્રાઇમ સેલ સી.આઇ.ડી. ક્રાઇમ દ્વારા અરજદારના ઉપરોકત ખાતામાંથી ગયેલ નાણા પૈકી સામાવાળાના શંકાસ્પદ બેંક ખાતા તેમજ ખાતા ધારકની વિગત નીચે મુજબ છે.

| ખાતા ધારકનું નામ અને સરનામુ | ખાતાધારકના મો.નં./ઇ-મેઇલ | ખાતા નંબર | Bank નું નામ | રકમ રૂપીયા |
|---|---|---|---|---|
| NARAN POLABHAI ZAPADA<br>Mancha Nagar Mafatiya Para Behind Lalpari lake Rajkot 360003 | 9712777712 | 01011200024457<br>hdfc0000101 | HDFC BANK | 12,320/- |
| BARAD KRUNAL | 9510254803 | 50100768427590 | HDFC | 10,000/- |

| | | | | |
|---|---|---|---|---|
| KISHORBHAI<br>Gokulpura<br>Bagasara Amreali 365440 | | | BANK | |
| TAILOR SONALBEN DINESHBHAI<br>B-201 Shyamal Encieve Bhayali Canal Sun Pharma Road Vadodara, Gujarat | 8469545415<br>Sonutailor000002@gmail.com | 9045523185 | KOTAK MAHINDRA BANK | 1,379/- |
| SARBIT KAUR<br>1637, STI Dash Mesh Nagar, Moga, Punjab 14200 | 9878630376 | 3417000404082944 | PUNJAB NATIONAL BANK | 1,379/- |
| KALPESH LAKHANBHAI MEVADA<br>Hari Om Nagar Near Sarkar Bakery Jetpur 360370 | 8511111044 | 00000031460131370 | STATE BANK OF INDIA | 13,300/- |

**જે નાણા પાછા મેળવવા માટે અરજદાર વિજય વિનુભાઈ ચૌહાણ એ આપ નામદાર સા.ની કોર્ટમાં અરજી કરેલ હોય અને તે સારું અમારો અભિપ્રાય માંગેલ છે. જે બાબતે આપ નામદાર સા.ની કોર્ટને વિનંતી સહ જણાવવાનું કે અરજદારશ્રી નાઓના સામાવાળા શંકાસ્પદ ઉપરોક્ત ખાતામાં અરજદારના ગયેલ નાણા પૈકી ૩૮,૩૭૮/-રૂપિયા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)કલમ 106 મુજબ ફ્રીઝ થયેલ છે. સદરહુ ખાતુ સીઝ કર્યા બાદ NCCRP SOP રિફંડ માર્ગદર્શિકા મુજબ શંકાસ્પદ ખાતાધારકને પો.સ્ટે.થી ૨૪/૦૨/૨૦૨૫ એ નોડલ મારફતે ઇ-મેઇલ કરી જો કોઈ સમસ્યા અથવા વાંધો હોય તો નોટીસમાં જણાવેલ મેઇલ અને સંપર્ક નંબર પર 7 (સાત) દિવસની અંદર અત્રેના પો.સ્ટે. સમ્પર્ક કરવા જણાવેલ હોવા છતા ખાતેદાર કે અન્ય કોઈ વ્યક્તિએ ખાતુ સીઝ કર્યા બાબત અમારા સમક્ષ (પોલીસ) કોઇ વાંધા તકરાર જણાવેલ નથી જેથી, તે રૂપિયા અરજદારશ્રીને પાછા આપવા અમારો અભિપ્રાય થાય છે.’**

**(૪)** હાલના કામે રજુ થયેલ અરજદારની અરજી તેમજ તેની સાથેના દસ્તાવેજો અને તપાસ કરનાર અમલદાર તરીકે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ શ્રીનો અરજદારની અરજી પરત્વેનો અભિપ્રાય વિગેરે વંચાણે લેતાં આ કામના અરજદાર સાથે સાયબર ફ્રોડ થયેલ હોવાનું પ્રથમ દર્શનીય જણાય છે અને તે ગુન્હાના કામે અરજદારના સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયાના ખાતા નં.38269012044 માંથી કુલ રૂ.૫૫,૦૦૦/- ઉપડી ગયેલા હોવાનું અને તે રકમ પૈકી રૂા.૩૮,૩૭૮/- (અંકે રૂપીયા આડત્રીસ હજાર ત્રણસો અઠ્યોતેર પુરા) અરજીમાં જણાવેલ વ્યક્તિઓના નામે રહેલા શંકાસ્પદ બેંક ખાતાઓમાં તપાસ કરનાર અમલદારના રજુ થયેલ અભિપ્રાયમાં જણાવેલ વિગતે જમા થયા બાદ પોલીસ તપાસ દરમ્યાન સીઝ થયેલ હોવાનું જણાય છે.

આમ અરજદારની અરજીની હકીકત તથા સોગંદનામાની હકીકત ધ્યાને લેતાં અરજદારને જો તે નાણાં પરત સોંપવા અંગે હુકમ કરવામાં ન આવે તો અરજદારને આર્થિક નુકશાની જાય તેમજ નાણાંકીય અગવડતા ભોગવવી પડે તેમ છે તેમજ કહેવાતા નાણાં શંકાસ્પદ ખાતાઓમાં જમા થયા બાદ તપાસ કરનાર અમલદાર દ્વારા ખાતાધારકને નોડલ મારફતે ઈ-મેઈલ મારફતે તે બાબતે જાણ કરી વાંધો રજુ કરવા જણાવવામાં આવેલ હોવા છતાં ખાતેદાર કે અન્ય વ્યક્તિ દ્વારા કોઈ વાંધો કે તકરાર રજુ કરવામાં આવેલ નથી કે તેવા નાણાં ઉપાડવા માટેનો પ્રયત્ન પણ કરવામાં આવેલો નથી ત્યારે આવી રકમ વધુ સમય માટે બેંક ખાતામાં હોલ્ડ પર બીન વપરાશી અવસ્થામાં ન રાખી મુકી હાલના અરજદારને પરત સોંપવા હુકમ કરવો યોગ્ય અને વ્યાજબી જણાતું હોય, ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: <u>હુકમ</u> ::-**

અરજદારની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

પોરબંદર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના ટીકીટ નં.૩૧૧૦૨૨૬૦૦૩૨૪૩૩/૨૦૨૬ ની થયેલ કાર્યવાહી દરમ્યાન અરજદારની અરજી તથા તપાસ કરનાર અમલદારના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, પોરબંદર શહેરના તા.૦૫/૦૩/૨૦૨૬ ના જા.નં.૬૪૩ વાળા અભિપ્રાયમાં જણાવ્યા મુજબની વિગતે જમા થયેલી કુલ રકમ ₹.૩૮,૩૭૮/- (અંકે રૂપીયા આડત્રીસ હજાર ત્રણસો અઠ્યોતેર પુરા) કે જે તપાસના કામે સીઝ કરાયેલ/હોલ્ડ પર રખાયેલ છે તે અરજદારને નીચેની શરતોને આધીન તેમના સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાના ખાતા નં.38269012044 માં જમા કરાવી

આપવાનો હુકમ કરવામાં આવે છે. આ માટેની જરૂરી કાર્યવાહી સબંધીત પોલીસ સ્ટેશને કરવી.

**<u>શરતો</u> :**

૧. આ કામે જે બેંક ખાતામાંથી અરજદારને નાણાં ચુકવી આપવામાં આવે છે તે ખાતેદારો દ્ધારા ભવિષ્યમાં જો કોઇ વાંધા કે તકરાર લેવામાં આવે તો અરજદારને મળેલ રકમ કોર્ટમાં જમા કરાવવાની બાંહેધરી માટે અરજદારે તેઓને મળવાપાત્ર રકમની દોઢી રકમના સદ્ધર જામીન અને જાત મુચરકા અત્રેની કોર્ટમાં રજુ કરવા.

૨. આ કામે ત.ક.અ. ના અભિપ્રાય વંચાણે લેતાં તપાસ દરમ્યાન પ્રથમ દર્શનીય રીતે સાયબર ફ્રોડ થયેલ હોવાનું જાહેર થયેલ હોય તે બાબતની એફ.આઇ.આર. સબંધીત પોલીસ સ્ટેશનમાં નોંધી તે બાબતે જરૂરી તપાસ કરી તે અંગેની કાર્યવાહીનો વિગતવારનો રીપોર્ટ અત્રે રજુ કરવો તથા અરજદારની બાકી રહેતી રકમ બાબતે તપાસ ચાલુ રાખવી.

અરજદાર તરફે જામીન રજુ થયા બાદ આ હુકમની યોગ્ય અમલવારી થવા માટે સબંધીત પોલીસ સ્ટેશનને યાદી કરવી.

હુકમ આજ તા.૧૩મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૩/૦૩/૨૦૨૬**
**સ્થળ : પોરબંદર.**

**કુનાલ રાજેશભાઇ રાઠોડ**
**ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**પોરબંદર.**
**(કોડ નં.જી.જે.૦૧૧૨૯)**